| PUBLICATION NAME : | Divya Gujarat |
|---|---|
| EDITION : | Ahmedabad |
| DATE : | 24/05/2023 |
| PAGE NO : | 3 |

# ઈડીઆઈઆઈએ પ્રોજેક્ટ સ્વાવલંબન હેઠળ ૭૫૦ દિવ્યાંગોના કૌશલ્ય વિકાસ માટે એસબીઆઈ ફાઉન્ડેશન સાથે ભાગીદારી કરી



આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ) એ એસબીઆઈની કોર્પોરેટ સામાજિક જવાબદારી (સીએસઆર) પ્રોજેક્ટ સ્વાવલંબન હેઠળ ૭૫૦ દિવ્યાંગો (PwDs) ના કૌશલ્ય વિકાસ અને તાલીમ માટે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ફાઉન્ડેશન (એસબીઆઈએફ) સાથે ભાગીદારી કરી છે. ઈડીઆઈઆઈ આ પ્રોજેક્ટને ગુજરાતના આણંદ, ખેડા, ગાંધીનગર, અમદાવાદ અને અરવલ્લી જિલ્લામાં અમલમાં મૂકશે. પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ્ય દિવ્યાંગ ઉદ્યોગસાહસિકોને તેમની બજાર પહોંચ વિસ્તારવામાં અને તેમની આવકમાં વધારો સુનિશ્ચિત કરવામાં મદદ કરવાનો છે. પ્રોજેક્ટ હેઠળ ઈડીઆઈઆઈ ૭૫૦ અલગ-અલગ દિવ્યાંગોને એન્ટરપ્રાઈઝ પ્રમોશન ટ્રેનિંગ આપશે જેમાં ૫૦૦ વ્યક્તિગત ઉદ્યોગસાહસિકો અને ૨૫૦ સભ્ય આધારિત સંસ્થાઓ (એમબીઓ) ઉદ્યોગસાહસિકોનો સમાવેશ થાય છે. સહકારી અથવા સ્વસહાય જૂથ (એસએચજી) તરીકે ૨૫૦ અલગ-અલગ દિવ્યાંગ ઉદ્યોગસાહસિકો માટે દસ એમબીઓ બનાવવામાં આવશે. આ એમબીઓને નેટવર્ક-બિલ્ડિંગ, બજારની પહોંચ વધારવા અને ફાઈનાન્સ માટે માર્ગદર્શન અને ટેકો પૂરો પાડવામાં આવશે. પ્રોજેક્ટના ભાગ રૂપે દિવ્યાંગ લોકોના સશક્તિકરણ તરફ સરકાર, સ્ટાર્ટ-અપ્સ, ઔદ્યોગિક સંગઠનો અને સીએસઆર સંસ્થાઓનું ધ્યાન દોરવા માટે એક સંશોધન પણ હાથ ધરવામાં આવશે.